અરજી દાખલ કર્યા તારીખ :– ૦૬/૧૦/૨૦૨૨
અરજી નોંધ્યા તારીખ :– ૦૬/૧૦/૨૦૨૨
અરજી ફેંસલ કર્યા તારીખ :– ૧૫/૧૦/૨૦૨૨
સમય ગાળો :–૦૦ વર્ષ, ૦૦માસ, ૦૯ દિવસ.

**ધ્રાંગધ્રાના મહે. ત્રીજા એડી.સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,મુકામ – ધ્રાંગધ્રા.**

ફોજદારી પરચુરણ અરજી નં. ૩૫૯/૨૦૨૨
આંક :–

અરજદાર ::– ૧. અજુભાઈ જુમાભાઈ માણેક,
ઉ.વ. ૨૮, ધંધોઃ– મજુરી,
૨. શાહરુખભાઈ ઉર્ફે રાજાબાબુ રસુલભાઈમોવર,
ઉ.વ.૩૦, ધંધોઃ– મજુરી,
૩. યાકુબભાઈ જુમાભાઈ માણેક,
ઉ.વ. ૩૩, ધંધોઃ– મજુરી,
૪. ઈદ્રીશભાઈ બબાભાઈ મોવર,
ઉ.વ. ૨૮, ધંધોઃ– મજુરી,
૫. રીયાજભાઈ ઈશાભાઈ માણેક,
ઉ.વ. ૩૩, ધંધોઃ– મજુરી,
૬. આશીફભાઈ ઈકબાલભાઈ મોવર,
ઉ.વ. ૨૫, ધંધોઃ– મજુરી,
૭. જુસબભાઈ હાજીભાઈ માણેક,
ઉ.વ. ૧૯, ધંધોઃ– મજુરી,
૮. શાહરુખભાઈ સલીમભાઈ મોવર,
ઉ.વ. ૩૦, ધંધોઃ– મજુરી,
રહે.તમામ જુની મોચીવાડ,ધ્રાંગધ્રા,
તા.ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર.

–:: **વિરુધ્ધ** ::–

સામાવાળા::– સરકારશ્રી

બાબતઃ– સી.આર.પી.સી. કલમ –૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન અરજી

અરજદારો/ આરોપીઓ તરફે વિ.વ.શ્રી યુ.આઈ. મકવાણા.
શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્ટ.

–:: **ચુ કા દો** ::–

**(૧)** આ કામના આરોપી ૧. અજુભાઈ જુમાભાઈ માણેક,૨.શાહરુખભાઈ ઉર્ફે રાજાબાબુ રસુલભાઈ મોવર૩. યાકુબભાઈ જુમાભાઈ માણેક,૪.ઈદ્રીશભાઈ બબાભાઈ મોવર, ૫.રીયાજ ભાઈ ઈશાભાઈ માણેક,૬.આશીફભાઈ ઈકબાલભાઈ મોવર,૭.જુસબભાઈ હાજીભાઈ માણેક, ૮. શાહરુખભાઈ સલીમભાઈ મોવર, રહે. તમામ જુની મોચીવાડ,ધ્રાંગધ્રા,તા.ધ્રાંગધ્રા, જીલ્લો સુરેન્દ્રનગર નાઓની ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૧૨૧૧૦૧૫૨૨૦ ૩૦૧/૨૦૨૨,ઈ.પી.કો.ક.૩૩૨,૩૩૭,૧૮૬,૧૬૦,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૪, ૫૦૬ (૨),૪૨૭ તથા સાર્વજનીક મીલકતોને નુકશાન અટકાવવાનો અધિ.ની કલમ ૩ તથા જી. પી. એકટની કલમ ૧૩૫ મુજબના ગુનામાં તા.૩૦/૦૯/૨૦૨૨ના રોજ ઘરપકડ કરવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીઓએ ધ્રાંગધ્રાના એડી. ચીફ જયુડી. મેજી.સમક્ષ રજુ કરી પોલીસ રીમાન્ડ મેળવેલા અને પોલીસ રીમાન્ડ પુર્ણ થયા બાદ આરોપીઓને કોર્ટ સમક્ષ રજુ કરતા આરોપીઓએ રેગ્યુલર જામીન મુકત થવા ધ્રાંગધ્રાના એડી. ચીફ જયુડી. મેજી.સમક્ષ જામીન અરજી કરેલી જે જામીન અરજી ધ્રાંગધ્રાના એડી. ચીફ જયુડી. મેજી.નાઓએ તા.૦૩/૧૦/૨૦૨૨ ના રોજ નામંજુર કરેલી છે ત્યારથી આરોપીઓ જયુડી. કસ્ટડીમાં ચાલી આવેલ છે. જેથી આરોપી ઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા સારુ હાલની રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

**(૨)** આરોપીઓની રેગ્યુલર જામીન અરજી અન્વયે સામાવાળા/ફરીયાદીને સમન્સ કરતા વિધ્વાન એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્ટ હાજર થયેલ છે અને આ કેસની તપાસ કરનાર પોલીસ અમલદારની એફિડેવીટ આંક– ૦૬ થી રજુ કરી આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા માગણી કરેલ છે.

**(૩)** આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી યુ.આઈ.મકવાણાની તથા ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્ટની દલીલો સાંભળવામાં આવી.

**(૪)** આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી યુ.આઈ. મકવાણા ધ્વારા એવી દલીલ કરવામાં આવી છે કે, આ કામના આરોપીઓએ એફ.આઈ.આર.માં આક્ષેપ કર્યા મુજબનો કોઈ ગુનો કરેલો નથી કે બનાવ સમયે હાલના આરોપીઓએ આક્ષેપિત ગુનામાં કોઈ સક્રિય ભુમીકા ભજવેલ નથી. વધુમાં આરોપીઓના વિ.વ.શ્રી યુ.આઈ. મકવાણાએ એવી દલીલ કરી છે કે, એફ.આઈ.આર.ની વિગતો જોતા બનાવ સમયે આરોપીઓ પોલીસના સમજાવવાથી જતા રહેલા છે જેથી આરોપીઓ સામે ઈ.પી.કો.ક.૩૩૨,૩૩૭ મુજબનો ગુનો બનતો નથી તેમજ બનાવના દિવસે ધાર્મિક પ્રસંગ હોવાથી સમાજના માણસો ભેગા થયેલા હતા,પોલીસ સાથે ગરનાળા પછી રહેતા મુસ્લીમ સમાજના અન્ય ઈસમોના ટોળાએ શુ કર્યુ તેની અરજદારો ને ખબર નથી, અરજદારોએ કોઈ ગે.કા. મંડળી રચી નથી કે હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલો નથી. વધુમાં આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી યુ.આઈ. મકવાણા ધ્વારા એવી દલીલ કરવામાં આવી છે કે, આરોપીઓએ કોઈ પથ્થર મારો કરેલો નથી કે કોઈ જાહેર મીલકતને કે સરકારી વાહનને નુકશાન પહોચાડેલ નથી કે કોઈને ઈજાઓ કરેલી નથી કે મારી નાખવાની ધમકી આપેલી નથી કે બનાવ સમયે બનાવ વાળી જગ્યાએ હાજર પણ ન હતા.વધુમાં આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી યુ.આઈ. મકવાણા ધ્વારા એવી દલીલ કરવામાં આવી છે કે, મુસ્લીમ સમાજ તથા દલીત સમાજ વચ્ચે તીક્ષ્ણ હથિયારો વડે કોઈ ઝઘડો થયેલો નથી કે દલીત સમાજ ના માણસોને વાગેલ નથી.વધુમાં આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી યુ.આઈ. મકવાણા ધ્વારા એવી દલીલ કરવામાં આવી છે કે, અરજદારો તેઓના કુટુંબના એક માત્ર કમાનાર વ્યકિત છે, સ્થાનીક રહીશ છે તેમજ કયાંય નાશી ભાગી જાય તેમ નથી, જો અરજદારોને રેગ્યુલર જામીન મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી આપશે નહી કે પુરાવા સાથે ચેડા કરશે નહી તેની ખાત્રી આપે છે જેથી આરોપીઓને યોગ્ય શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માંગણી કરેલી છે.

**(૫)** ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્ટ ધ્વારા એવી દલીલ કરવામાં આવી છે કે, આ કામના આરોપી સામે ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૧૨૧૧૦૧ ૫૨૨૦ ૩૦૧/૨૦૨૨,ઈ.પી.કો.ક.૩૩૨,૩૩૭,૧૮૬,૧૬૦,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૪, ૫૦૬(૨),૪૨૭ તથા સાર્વજનીક મીલકતોને નુકશાન અટકાવવાનો અધિ.ની કલમ ૩ તથા જી.

પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગંભીર ગુનાનો આક્ષેપ છે. હાલના આરોપીઓ સામે ફરીયાદીને નામજોગ ફરીયાદ આપેલી છે હાલના આરોપીઓના એફ.આઈ.આર.માં આરોપી નં.૧૭ થી આરોપી નં. ૨૪ તરીકે દર્શાવેલા છે. આ કામનો આરોપીઓ દલીત સમાજ તથા મુસ્લીમ સમાજના સામ સામે આવી ઝઘડો કરતા ટોળાને વિખેરવા જતા દલીત સમાજના એફ. આઈ. આર.માં નામ વાળા આરોપીઓએ તથા અન્ય દોઢસો માણસોના ટોળાએ પ્રાણઘાણક હથિયારો સાથે ગેરકાયદેસર મંડળી રચી અધિક જીલ્લા મેજી. શ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી પોલીસ ઉપર છુટ્ટા પથ્થરોનો મારો કરી, પોલીસ કર્મચારીઓને ઈજાઓ પહોચાડી તથા ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી, પ્રાઈવેટ વાહનો મકાનો તેમજ સરકારી વાહનોને નુકશાન કરી, પોલીસ કર્મચારી ઓની કાયદેસરની ફરજમાં રુકાવટ કરી, પોલીસ અધિકારી તથા કર્મચારીઓને ઈજાઓ પહોચાડી,આ કામના મુસ્લીમ સમાજના આરોપીઓ તથા અન્ય પચ્ચાસ માણસોના ટોળાએ ગેરકાયદેસર મંડળી રચી પ્રાણ ઘાતક હથિયારો ધારણ કરી દલીત સમાજના માણસો સાથે ખબેડો કરી હાલનો ગુનો કરેલો છે, તેમજ હાલના આરોપી નં.૧,૨,૩ પાસેથી પોલીસે મુદ્દામાલ મારક હથિયાર ધારીયા તેમજ છરા જેવા તીક્ષ્ણ પ્રાણ ઘાતક હથિયારો તપાસના કામે કબજે કરેલા છે અને હાલ આરોપીઓ સામેના સદર ગુનાની તપાસ ચાલુ છે. વધુમાં ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી વી.એચ. ભટ્ટે એવી દલીલ કરી છે કે, આ કામના આરોપીઓ ગુનાહીત ભુતકાળ ધરાવે છે આ કામના આરોપીઓ સામે હાલના ગુના ઉપરાંત પ્રોહીબશન એકટ, આઈ.પી.સી. તેમજ જુગાર ધારાને લગતા અનેકો ગુના નોધાયેલા છે તેમજ આ કામના હાલના આરોપીઓ તથા સહ આરોપીઓ નજીક નજીકના વિસ્તારમાં રહેતા હોય જો આરોપીઓને રેગ્યુલર જામીન મુકત કરવામાં આવે તો સુલેહ શાંતીનો ભંગ થાય તેવી દહેશત રહેલી છે, જેથી આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવી જોઈએ.

(૬) બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની રેકર્ડ ઉપર થયેલ દલીલો તથા આ કેસની તપાસ કરનાર પોલીસ અમલદારની આંક—૬ ની એફિડેવીટ તથા અન્ય પોલીસ પેપર્સની વિગતો વંચાણે લીધા. હવે એફ.આઈ.આર.ની વિગતો વંચાણે લેતા દલીત સમાજ તથા મુસ્લીમ સમાજ આરોપીઓ તથા અન્ય પચ્ચાસ માણસોના ટોળાએ ગેરકાયદેસર મંડળી રચી પ્રાણ

ઘાતક હથિયારો ધારણ કરી દલીત સમાજના માણસો સાથે બખેડો કરી હાલનો ગુનો કરેલો છે. તેમજ હાલના આરોપી નં.૧,૨,૩ પાસેથી પોલીસે તપાસ દરમ્યાન મુદ્દામાલ મારક હથિયાર ધારીયા તેમજ છરા જેવા તીક્ષ્ણ પ્રાણ ઘાતક હથિયારો તપાસના કામે કબજે કરેલા છે તેમજ પોલીસ કર્મચારીઓ ઝઘડો શાંત કરાવવા જતા પોલીસ કર્મચારીઓને ઈજાઓ પહોચાડી તથા ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી, પ્રાઈવેટ વાહનો મકાનો તેમજ સરકારી વાહનોને નુકશાન કરી, પોલીસ કર્મચારી ઓની કાયદેસરની ફરજમાં રુકાવટ કરી, પોલીસ અધિકારી તથા કર્મચારીઓને ઈજાઓ પહોચાડેલી છે, જેથી હાલના આરોપીઓએ કોઈ પથ્થર મારો કરેલો નથી કે કોઈ જાહેર મીલકતને કે સરકારી વાહન ને નુકશાન પહોચાડેલ નથી કે કોઈને ઈજાઓ કરેલી નથી કે મારી નાખવાની ધમકી આપેલી નથી કે બનાવ સમયે બનાવ વાળી જગ્યાએ હાજર પણ ન હતા કે હાલના આરોપી ઓ સામે પોલીસે ઈ.પી.કો.ક. ૩૩૨,૩૩૭ ની કલમો ખોટી રીતે લગાડવામાં આવેલી છે તેવી આરોપીઓના વિ.વ.શ્રી યુ.આઈ. મકવાણાની દલીલ માનવા લાયક જણાતી નથી.

(૭) વધુમાં આરોપીઓના વિ.વ.શ્રી યુ.આઈ. મકવાણાએ એવી દલીલ કરી છે કે, અરજદારો તેઓના કુટુંબના એક માત્ર કમાનાર વ્યકિત છે, સ્થાનીક રહીશ છે તેમજ કયાંય નાશી ભાગી જાય તેમ નથી,જો અરજદારો/ આરોપીઓને રેગ્યુલર જામીન મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી આપશે નહી કે પુરાવા સાથે ચેડા કરશે નહી,પરંતુ તપાસ કરનાર અમલદારે આંક–૦૬ થી રજુ કરેલ એફિડેવીટમાં આ કામના આરોપીઓ સામે હાલના ગુના ઉપરાંત પ્રોહીબશન એકટ, આઈ.પી.સી. તેમજ જુગાર ધારાને લગતા અનેકો ગુના નોધાયેલા છે તેમજ આ કામના હાલના આરોપી ઓ તથા સહ આરોપીઓ નજીક નજીકના વિસ્તારમાં રહેતા હોય જો આરોપીઓને રેગ્યુલર જામીન મુકત કરવામાં આવે તો સુલેહ શાંતીનો ભંગ થાય તેવી દહેશત હોવાનુ દર્શાવેલ છે, તેવા સંજોગોમાં આરોપીઓને રેગ્યુલર જામીન મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી આપશે નહી કે પુરાવા સાથે ચેડા કરશે નહી તેવી આરોપીઓના વિ. વ. શ્રી યુ.આઈ. મકવાણાની દલીલ માનવા લાયક જણાતી નથી.

**(૮)** ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી વી.એચ. ભટ્ટ ધ્વારા એવી દલીલ કરેલી છે કે, હાલના આરોપીઓ સામે ઈ.પી.કો.ક.૩૩૨,૩૩૭,૧૮૬,૧૬૦,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯, ૫૦૪, ૫૦૬ (૨),૪૨૭ તથા સાર્વજનીક મીલકતોને નુકશાન અટકાવવાનો અધિ.ની કલમ ૩ તથા જી. પી. એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે, હાલના આરોપીઓ પાસેથી બનાવ સમયે ધારણ કરેલ ધારીયા તથા છરો પોલીસે તપાસના કામો કબજે કરેલો છે, સદર ગુનાની તપાસ ચાલુ છે અને સહ આરોપીઓને અટક કરવાના બાકી છે ત્યારે આરોપીઓને રેગ્યુલર જામીન મુકત કરવામાં આવે તો સુલેહ શાંતીનો ભંગ થાય અને કોમી રમખાણો થાય તેવી શકયતા રહેલી છે જેથી તેની સમાજમાં દુરોગામી અસર પડે તેમ છે તેવી ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી વી.એચ. ભટ્ટની દલીલ માનવા લાયક હોવાનુ જણાય છે.

**(૯)** આમ ઉપર મુજબની સમગ્ર ચર્ચાએ આ કામે આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો તથા સદર ગુનામાં સજાની જોગવાઈ તથા રેકર્ડ ઉપર રજુ થયેલ દસ્તાવેજી પુરાવાની વિગતો તેમજ આરોપીઓનો ગુનાહીત ભુતકાળ લક્ષમાં લઈ જયારે આરોપીઓ સામેના ગુનાની તપાસ ચાલુ છે ત્યારે ક્રિ. પ્રો. કો.ક.૪૩૯ અન્વયે મળેલ વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરી આરોપીઓને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનુ કોઈપણ રીતે ન્યાયી કે ઉચિત જણાતુ ન હોય આરોપીઓની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી હું નીચે મુજબનો હુકમ કરુ છુ.

// **હુ ક મ** //

**૧.** આરોપીઓની રેગ્યુલર જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

ચુકાદો આજ રોજ તા.૧૫મી માહે ઓકટોબર સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૫/૧૦/૨૦૨૨
મુકામઃ– ધ્રાંગધ્રા.

( ગિરીશકુમાર દેવરાજ પાસી )
યુ.આઈ.સી જીજે ૦૦૫૦૭
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
ધ્રાંગધ્રા.